(ICDS) યોજના હેઠળના વર્ગ-૩ ના કર્મચારીઓના વાર્ષિક મૂલ્યાંકન અહેવાલ માટે અહેવાલ હેઠળના કર્મચારીની અપીલ અરજીના નિકાલ માટે સમિતિની રચના કરવા બાબત.

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક : આઈસીડી/૧૦૨૦૨૧/૬૦૯/બ-૧
સચિવાલય, ગાંધીનગર
તા.૨૧/૦૫/૨૦૨૧

વંચાણે લીધા :-

૧) સામાન્ય વહિવટ વિભાગના ઠરાવ ક્રમાંક:ખઙલ/૧૦૨૦૧૫/૧૬૨/ક, તા.૧૫/૦૩/૨૦૧૬.

૨) કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસના પત્ર ક્રમાંક.મકમ-૧/આઈસીડીએસ/ખા.અ.સુધારણા/સમિતિ/૨૦૭૪૭/૨૦૨૧, તા.૨૩/૦૪/૨૦૨૧

-: ઠરાવ :-

વંચાણે લીધા (૧) પરના ઠરાવથી ગુજરાત સરકારના વર્ગ-૩ના કર્મચારીઓના વાર્ષિક મૂલ્યાંકન અહેવાલ માટે અહેવાલ હેઠળના કર્મચારીની અપીલ અરજીના નિકાલ માટે સંબંધિત વિભાગ દ્વારા સમિતિની રચના કરવા જણાવેલ છે. અને તેની કાર્યપદ્ધતિ નિયત કરવામાં આવેલ છે. વંચાણે લીધા (૨) પરના પત્રથી નિયામકશ્રી (ICDS) કચેરી હસ્તકના અહેવાલ હેઠળના વર્ગ-૩ના કર્મચારીની અપીલ અરજીના નિકાલ માટે સમિતિ રચવાની દરખાસ્ત કરેલ છે, જે અન્વયે સમિતિની રચના કરવાની બાબત વિચારણા હેઠળ હતી.

૨/- ICDS યોજના હેઠળના વર્ગ-૩ ના કર્મચારીઓના વાર્ષિક મૂલ્યાંકન અહેવાલ માટે અહેવાલ હેઠળના કર્મચારીની અપીલ અરજીના નિકાલ માટે નીચે મુજબ સમિતિની રચના કરવામાં આવે છે :

| | | |
|---|---|---|
| (૧) | નિયામકશ્રી, (ICDS) | અધ્યક્ષ |
| (૨) | નાયબ સચિવશ્રી/ સંયુક્ત સચિવશ્રી, (ICDS) | સભ્ય |
| (૩) | મદદનીશ નિયામકશ્રી, (વહીવટ), | સભ્ય |

૩/- ઉક્ત સમિતિએ સામાન્ય વહીવટ વિભાગના તા.૧૫/૩/૨૦૧૬ના ઠરાવથી નિયત થયેલ કાર્યપદ્ધતિ અનુસરવાની રહેશે, તેમજ વખતોવખત સરકારશ્રીના આ અંગેના નિયમો/ ઠરાવો/ પરિપત્રોને ધ્યાને લઈને કામગીરી કરવાની રહેશે. આ ઠરાવ નિયામકશ્રી (ICDS) અને વિભાગીય નાયબ નિયામકશ્રીની કચેરીઓને જ લાગુ પડશે.

ગુજરાત રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ગોપાલસિંહ યાદવ)
ઉપ સચિવ
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

1) સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગાંધીનગર.
2) કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, બ્લોક નં.૨૦, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
3) નિયામકશ્રી (આઈસીડીએસ), મહિલા અને બાળ વિકાસની કચેરી, બ્લોક નં.૨૦, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
4) તમામ વિભાગીય નાયબ નિયામકશ્રી, નાયબ નિયામકશ્રીની કચેરી.......
5) સિસ્ટમ મેનેજરશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઈટ પર મુકવા સારૂ.
6) શાખા સિલેક્ટ ફાઈલ.